ક્રમાંક: જીઆઇડીસી/એએલટી/પોસ્ટ-વિતરણ/પોલિસી/ ૩૪
જીઆઇડીસી, વડી કચેરી,
ગાંધીનગર.
તા- ૨૩/૧૦/૨૦૨૦

## // સ્પષ્ટતા પરિપત્ર //

વિષય : તા. ૩૧/૦૩/૨૦૨૨ સુધીમાં વપરાશ શરૂ કરનાર ફાળવણીદારને વપરાશની સમય-મર્યાદામાં વધારો કરવા અંગેની અરજી કરવાની સમય-મર્યાદામાં વધારો કરવા તેમજ મુળ ફાળવણીદારના મૃત્યુના કિસ્સામાં તેમના કાયદેસરના વારસદારની તરફેણમાં તબદીલી કિસ્સાના અને ફાળવણીદારનો ૧૦૦ ટકા હિસ્સો જળવાતો હોય તેવા નેમ ચેંજના કિસ્સાઓને મંજુરી આપવા બાબત.

સંદર્ભ :
૧. નિગમના પરિપત્ર ક્રમાંક : જીઆઇડીસી/ એએલટી/ પોસ્ટ-વિતરણ/ પોલિસી/ ૦૨૯, તા. ૦૮/૧૦/૨૦૨૦
૨. નિગમના પરિપત્ર ક્રમાંક : જીઆઇડીસી/ એએલટી/ પોલિસી/ પોસ્ટ-વિતરણ/ પોલિસી/ ૦૧૬, તા. ૧૯/૦૬/૨૦૨૦
૩. ગુજરાત સરકાર, નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : અપબ/ ૧૦૨૦૨૦/ ૧૦૮/ ૧૯૫૨૨૪/ ક, તા. ૦૫/૦૬/૨૦૨૦
૪. નિગમના પરિપત્ર ક્રમાંક : જીઆઇડીસી/ ઓએન્ડએમ/ સીઆઇઆર/ પોસ્ટ-વિતરણ/ પોલિસી/ ૧૦૬, તા. ૨૧/૦૭/૨૦૧૭
૫. નિગમના પરિપત્ર ક્રમાંક : જીઆઇડીસી/ ઓએન્ડએમ/ સીઆઇઆર/ વિતરણ/ પોલિસી/ ૩૭, તા. ૨૮/૦૪/૨૦૧૬
૬ નિગમના પરિપત્ર ક્રમાંક : જીઆઇડીસી/ ઓએન્ડએમ/ સીઆઇઆર/ વિતરણ/ પોલિસી- ૧(૮)૧૫, તા. ૩૦/૦૩/૨૦૧૦

નિગમ દ્વારા સંદર્ભિત પરિપત્ર-૧થી સુધારા પરિપત્ર જારી કરવામા આવેલ છે. જેમાં શરત નંબર ૨મા નીચે મુજબ જોગવાઇ કરવામા આવેલ છે.

"સદર નીતિ અંતર્ગત જે ફાળવણીદારોને મિલ્કતના ઉપયોગની સમયમર્યાદા વધારી આપવામાં આવેલ છે અને ઉપયોગની સમયમર્યાદા દરમ્યાન નીચે મુજબની બે બાબતો કે જેમાં તબદીલી ફી વસુલવાની થતી ન હોઇ, જો રજૂઆત મળે તો આપી શકાશે.

- મૂળ ફાળવણીદારના મૃત્યુ સમયે તેમના કાયદેસરના વારસદારની તરફેણમાં તબદીલી કિસ્સા અને
- મૂળ ફાળવણીદારનો ૧૦૦ ટકા હિસ્સો જળવાતો હોય તેવા નેમ ચેંજના કિસ્સાઓમાં."

## // સ્પષ્ટતા //

સદર જોગવાઇ નંબર ૨ અન્વયે વધુમા સ્પષ્ટતા કરવામા આવે છે કે, જો મૂળફાળવણીદારનુ મૃત્યુ થયેલ હોય અને તેમના કાયદેસરના વારસદારો કે મૂળ ફાળવણીદારનો ૧૦૦% હિસ્સો જળવાતો હોય તેવા નેમ ચેન્જના કિસ્સાઓના ફાળવણીદારો મિલકતનો વપરાશ કરવા માંગતા હોય તો તેવા ફાળવણીદારો

પણ તા. ૩૧/૦૩/૨૦૨૨ સુધી મિલકતના ઉપયોગની સમયમર્યાદા વધારી આપવા બાબતે અરજી કરી શકશે.

- ✓ જેમા કાયદેસરના વારસદાર / ફાળવણીદારે ઓન-લાઇન તબદીલી / નેમ ચેન્જની અરજી કરવાની રહેશે. ઓન-લાઇન અરજીમાં જ અરજદારે મિલ્કતના ઉપયોગની સમય-મર્યાદા ગુજરાત આત્મનિર્ભર પેકેજ હેઠળ તારીખ: ૩૧/૦૩/૨૦૨૨ સુધી વધારી આપવાના વિકલ્પની પસંદગી સાથે અરજી કરવાની રહેશે.
- ✓ અરજી સાથે નિયત બાંહેધરીખત નવા નામ મુજબનુ રજુ કરવાનુ રહેશે.
- ✓ આખરી તબદીલી / નેમ ચેંજના હુકમમા મિલ્કતના ઉપયોગની સમય-મર્યાદા વધારી આપ્યાનો અને વધારી આપેલ સમય-મર્યાદામા મિલ્કતનો વપરાશ કરવામા અરજદાર નિષ્ફળ જવાના કિસ્સામા તમામ વણવપરાશી સમયગાળા માટે વણવપરાશી દંડ વસુલવામા આવશે તેમજ જી.જી.પી. એક્ટ હેઠળ કાર્યવાહી કરવામા આવશે તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે. વધુમા નિગમના પરિપત્ર ક્રમાંક :૦૧૬, તારીખ ૧૯/૦૬/૨૦૨૦ અને ક્રમાંક:૦૨૯, તારીખ ૦૮/૧૦/૨૦૨૦ની બાબતો લાગુ પડશે તેનો પણ ઉલ્લેખ કરવાનો રહેશે.
- ✓ સદર તબદીલી / નેમ ચેન્જ બાબતે હાલ કોઇ વણવપરાશી દંડની વસુલાત કરવાની રહેશે નહી.

પરિપત્ર ક્રમાંક :૦૧૬, તારીખ ૧૯/૦૬/૨૦૨૦ અને ક્રમાંક:૦૨૯, તારીખ ૦૮/૧૦/૨૦૨૦ની અન્ય બાબતો યથાવત રહેશે. નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પોસ્ટ-વિતરણ)ને પાઠવવી.

- સહી/-
(એમ.થેન્નારસન)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

<u>નકલ રવાના :</u>

૧. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇંડસ્ટ્રીઝ એસોસિએશન, ગાંધીનગર તરફ જાણ સારું.

૨. પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો તરફ જાણ સારું.

૩. મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ... નિગમની વેબસાઇટ પર મૂકવા સારું.

રવાના કર્યુ,

મેનેજર (મહેકમ)